Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER B. No. 156

શ્રી

પુ.૨૦ મું. પોશ.

# જૈનધર્મ પ્રકાશ.

અંક ૧૦ મો. સં.૧૯૬૧

शिखरिणीवृत्तम्.

धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं ।
क्रियाकांडं चंडं रचितमवनौ सुप्तमसकृत् ॥
तपस्तीव्रं तप्तं चरणमपि चीर्णं चिरतरं ।
न चेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ॥ १ ॥

प्रगट कर्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧ | આત્મરાજાને ઇષ્ટકથન. | ૨૧૭ |
| ૨ | શ્રાવક તરીકે ઓળખાતા જૈનોની અમલ કરવા યોગ્ય ફરજો. | ૨૨૦ |
| ૩ | યુગ અસત્ય હોત. | ૨૨૫ |
| ૪ | શ્રી વડોદરા ખાતે મળેલી ત્રીજી કોન્ફરન્સમાં આપેલ ભાષણ. | ૨૩૦ |
| ૫ | બાબુ સાહેબ રાય બુધસિંહજી બહાદુરનું ભાવનગરમાં પધારવું. | ૨૩૩ |
| ૬ | વર્તમાન સમાચાર. | ૨૩૬ |
| ૭ | સાર્વજનિક ઉન્નતિની સર્વોત્તમ કુંચી. | ૨૩૭ |


અમદાવાદ—"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ" માં છાપ્યું.
વીર સંવત ૨૪૩૧ શાકે ૧૮૨૬ સને ૧૯૦૫
વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોપાનિયું રખડતું મુકીને આશાતના કરવી નહીં.

## श्री उपदेश प्रासाद भाषांतर ग्रंथ.

આ ગ્રંથના બે ભાગ બહાર પડી ચુકેલા છે, જેથી તે વિષે અત્ર વિશેષ લખવાની આવશ્યકતા નથી પરંતુ તે બે ભાગ પૈકી પહેલો ભાગ તો ઘણી ભૂલોવાળો છે જેને માટે તે બુકમાંજ અમારી સૂચના તરીકે લખાયેલ છે. બીજો ભાગ અમારી જાતે ભાષાંતર સુધારીને છપાવેલો છે. તે વાંચવાથી તરતજ સમજાય તેમ છે, પરંતુ તે ભાગ ચીમનલાલ સાંકળચંદ મારફતીઆના ભાગમાં છપાવેલો છે. તે ભાઇ ગુજરી ગયેલ હોવાથી હવે પછીના ત્રણે ભાગો અમે સ્વતંત્ર છપાવવાના છીએ જેમાંથી આ ત્રીજા ભાગની જાહેર ખબર છે. ભાષાંતર ખાસ તપાસી શુદ્ધ કરીને છપાવવામાં આવશે. બનાવટી માલની જેમ આ નામનું બીજું ભાષાંતર છપાય તો ગ્રાહકોએ સાવચેત રહી પ્રસિદ્ધ કર્તાનું નામ જોવા માટે આ સૂચના છે. કિંમત બીજા ભાગની જેમ આની પણ ઘટાડેલી રૂ. ૧-૮-૦ જ રાખવામાં આવશે. બનતી તાકીદે બહાર પાડવામાં આવશે.

## અમારી સભાના મેમ્બરોને ખાસ

## सूचना.

આ સભાના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતી રૂ. ૧) સુધીની કિંમતની દરેક બુકની એકેક નકલ આપવાની છે તે પ્રમાણે મોકલવાનું કામ આ વર્ષ આખરે (ફાલ્ગુન માસમાં) કરવામાં આવશે, કારણ કે ત્યાં સુધીમાં ઘણી બુકો બહાર પડી જવાની છે. તે વખતે સભા તરફથી પ્રગટ થયેલી તમામ બુકોનું લીસ્ટ પણ આપવામાં આવશે કે જેથી તમામ મેમ્બરોને પોતાની કિંમતે મંગાવવાની પણ સવળતા થશે.

તંત્રી.

## શ્રી ભાવનગર જૈન ડીરેક્ટરી.

કિંમત બે આના.

જેની વીગતવાર જાહેર ખબર ગયા અંકમાં આપેલી છે તે ડીરેક્ટરી જરૂર વાંચવા લાયક છે અને અનુકરણ કરવા લાયક છે. પ્રયાસના પ્રમાણમાં કિંમત વિશેષ નથી; મંગાવી જોવાથી ખાત્રી થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्म प्रकाश

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;

નેહયુકત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૦ મું. શાકે ૧૮૨૬ સં. ૧૯૬૧ પોસ અંક ૧૦ મો.


## आत्मराजाने इष्टकथन.

રાગ ગજલ.

મુંઝાયે શું મહારાજા, વસ્યું જો જાગીને રાજા;
ભમ્યો ભાવે તજી માજા, સહ્યાં સંકષ્ટ તેં ઝાઝાં.

સાખી.

ભાન તજી અવની વિષે, રઝળ્યો જીવ ગમાર;
નીજ સ્વરૂપ ભૂલી ગયો, સૂઝયો પંથ ન સાર.

પડ્યો પ્યારી વશે પ્યારા, બાંધ્યાં અતિ હાટ ઘરબારાં;
કરમનાં થોક બાંધ્યાં તે, છુટે ક્યે તે વિચારી લે. મુંઝાયે શું. ૧

સાખી.

ધર્મ કર્મ કરતો નહિ, કૂડ કપટ કરનાર;
ચિંતામણી સમ જન્મ આ, વ્યર્થ ગયો નિરધાર.

ભરમ ભારી ખિસા ખાલી, બની તારી બુધ્ધિ કાળી;
કરે અતિ ડોળ ઉપરનો, મળે ના ઢંગ ભીતરનો. મુંઝાયે શું. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાખી.

રંગ રાગ ઉછરંગથી, ઠેકે થૈથૈકાર;
મન શુદ્ધિ જબ તક નહિ, તબ તક વ્યર્થ જનાર.
કરે અતિ ગર્વ કંચનનો, સુણે નહિ હીતનાં વચનો;
ફરે નિજ કેફમાં ફુલી, ખબર છે કયાં જવું મેલી. મુંઝાયે શું. ૩

સાખી.

મોહ મદિરા પાનથી, મસ્ત બની હેવાન;
પરધન પરદારા વિષે, ચોટાડે નિજ ધ્યાન.
ખબર છે કયાં શું કરવાનું, પશુવત્ ખાલી ફરવાનું;
સર્વે નિજ સ્વાર્થ ટળવાનું, પછી પ્રભુથી ન ડરવાનું. મુંઝાયે શું. ૪

સાખી.

ભોળા જીવને પાસમાં, પકડી કેદ કરનાર;
પાણી રાખી પેટમાં, હાજી હા ભણનાર.
અરે એવાં કરે કર્મો, જાણે ના ધર્મનાં મર્મો;
પડે અતિ દુઃખ પોતાને, કરે વળી દુઃખ બીજાને. મુંઝાયે શું. ૫

સાખી.

જોર ન ચાલે જે સ્થળે, ત્યાં બેસી રહે મૂઢ;
પણ ન વિચાર કરે જરા, દીનને દેતાં દુઃખ.
સમજ જીવ, જીવ સૌ સરખા, નથી કોઇ બડા છોટા;
દિસે છે ભિન્ન કર્મોથી, ફરક અંતે લગીર નથી. મુંઝાયે શું. ૬

સાખી.

અંતર હિત પીછયો નહિ, પરાપવાદે પૂર;
પરનિંદા પર વસ્તુમાં, રાત દિન ચકચૂર.
કિહાંથી આવ્યો કયાં જાવું, જાણે નહિ જાું અમર રહેવું;
જાણી દિન એક ખપ થાવું, મટીએ મટી મિલ જાવું. મુંઝાયે શું. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાખી.

અંતરમાં સહુ તીર્થ છે, અંતરમાં સહુ હીત;
ખોજ્યો નહિ અંતર યદા, ખોયો નરભવ મિત.

પુદ્‌ગળના પ્યારમાં પ્યારા, પડયો લાગી પૂંઠે દારા;
વિસાર્યા તેં પ્રભુ પ્યારા, ભજ્યા ભાવે ન કો વારા. **સુંઝાયે શું. ૮**

## સાખી.

આ સૃષ્ટિ સંસારમાં, શોધ્યો ના કાંઇ સાર;
બાંધી મૂઠી લાવિયો, જાવું હાથ પસાર.

અરેરે ! હાય મરી જાવું, મરણ કાળે શું પસ્તાવું;
પ્રથમ ભાતું બાંધી લેવું, બડી મુસાફરી જાવું. **સુંઝાયે શું. ૯**

## સાખી.

કર નિશ્ચય આ દેહ ને, વળી ઇંદ્રી ને પ્રાણ;
તે તારાં એકે નહિં, જીવ મુસાફર જાણ.

નિરાળો છું અલો પ્યારા, અનંતું જ્ઞાન ધરનારા;
દિસે છે આત્મજ્યોતિ જો, હૃદયના ચક્ષુ ખોલી જો. **સુંઝાયે શું. ૧૦**

## સાખી.

જ્ઞાન કટોરા પાનથી, આતમ રૂપ ભળાય;
જ્ઞાનવાન ગુરૂ મ્હેરથી, ધ્યાન યોગ સબ થાય.

સુધારી લે સુધારી લે, જીવન તારૂં સુધારી લે;
બગડતી બાજી પેખીને, ચેતન તું ચિત્ત ચેતી લે. **સુંઝાયે શું. ૧૧**

## સાખી.

મન મર્કટ વશ કર સહી, ગમ કર દોડાદોડ;
બાંધી લઇને બંધના, જ્ઞાન ધ્યાનમાં જોડ.

નહિ તું દુષ્ટ થાવા દે, થાવે તો યોગ્ય શિક્ષા દે;
સીધો રસ્તો બતાવી દે, લુંટારા જાૂં ન લુંટી લે. **સુંઝાયે શું. ૧૨**

For Private And Personal Use Only

મીઓને ઉદ્ધાર [સખાવત વડે કરશે, પવિત્ર શાસનની મોટી ઉન્નતિ કરી આત્મકલ્યાણ કરશે. કલ્યાણના અર્થી બાન્ધવો અને બ્હેનો વિવેક વડે લક્ષ્મી યૌવન અને આયુષ્યનું અસ્થિરપણું સમ્યગ્ વિચારશે, ગફલત તજી પ્રમાદ રહિત થઇ મહા ભાગ્યયોગે સાંપડેલી આ સર્વોત્તમ સામગ્રીનો યથેચ્છ લાભ લઇ સ્વજન્મ સાર્થક કરશે. ક્ષણિક યશકીર્તિના લોભમાં તણાઇ અક્ષય સુખનો લાભ જતો નહિ કરશે, અને મુગ્ધ જનોને રંજન કરવા તન મન અને ધનનો ભોગ આપવા કરતાં પરમાત્મ પ્રભુને રંજિત કરવાને પોતાનું સર્વસ્વ અર્પણ કરવા આગળ પડશે, પોતાના પ્રિય પ્રાણ કરતાં પણ પરમ પવિત્ર શ્રી પરમાત્માની આજ્ઞાને અત્યંત પ્રિય સમજી પરમ પવિત્ર પ્રભુની પવિત્ર આજ્ઞાની ખાતર પોતાના પ્રિય પ્રાણનું પણ બલિદાન દેતા ડરશે નહિ. તથા " आणाए धम्मो " અર્થાત્

जिनेन्द्रपूजा गुरुपर्युपास्ति, सत्वानुकंपा शुभपात्रदानं ।
गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥

આ શ્લોકમાં કહેલાં શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા આદિ સર્વ ધર્મફલો પરમકૃપાળુ પ્રભુની પવિત્ર આજ્ઞા પૂર્વકજ સફળ થાય છે.

તેમજ કહ્યું છે કે "**आणारहियमणुट्ठाणं पलालपुलुव्वपडिहाइ**" અર્થાત્ પરમ કૃપાળુ શ્રી તીર્થંકર પરમાત્માની પવિત્ર આજ્ઞા રહિત કરેલું—વિરૂદ્ધ અનુષ્ઠાન ધાન્ય રહિત પલાલના પૂળા જેવું નિસ્સાર લાગે છે: કંઇ શોભતું નથી. માટે જેમ બને તેમ સાવચેતીથી પરમ કરૂણાળુ પ્રભુની પરમ પવિત્ર આજ્ઞાનું આરાધન કરવા અવશ્ય ખપ કરવો

કેવળ લોક પ્રવાહમાં તણાઇ મુગ્ધ લોકોનું મન રંજિત કરવા આગમ મર્યાદા મૂકી આપમતિએ ચાલવામાં કેટલી બધી હાનિ થાય છે, અને પરમ પવિત્ર આગમ-મર્યાદા સાચવી શાસ્ત્રપરતંત્ર રહી વર્તવામાં કેટલો બધો ફાયદો છે, તે પ્રમાદ પરીહરી શ્રી સદ્ગુરૂના ચરણ કમળની સમ્યગ્ સેવાથી પરમ પવિત્ર શાસ્ત્રરહસ્ય પામવાથી સમજાશે. મહાત્મા **શ્રી યશોવિજયજીએ** કહ્યું છે કે **"જનમનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ."** આ અતિ ઉંડા રહસ્યવાળા વાકયથી કેટલું બધું સમજવાનું છે ! જો પોતાના આત્માનું ખરેખર કલ્યાણ કરવુંજ હોય તો સદ્ગુરૂચરણાધીન રહી વર્તવું. પરમ પવિત્ર વીતરાગ વચન અનુસારેજ સદા જેમનું વર્તવુ અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયતું થાય છે તેવા સ્વપરહિતકારી મહાત્માઓને સદ્‌ગુરૂ સમજવા. જેઓ પોતાના ખોટા સ્વાર્થમાં અંધ બની બીજાઓને અવળે રસ્તે દોરે છે તેઓ પથ્થરની નાવ જેવા કુગુરૂઓ સ્વપરને ડુબાડનારા છે. વિષયાંધ બની કેવળ વેશ-વિડંબના કરનારા પાપાત્માઓનો નરક વિના બીજો રસ્તો નથી. સ્વ-શ્રેયઃ સાધવા ઇચ્છતા સુગુણ શ્રાવકોએ તેવા પાપીઓનો સંગ સર્વથા પરીહરવો. અહો ! અતિ ખેદની વાત છે કે કેટલાક મુગ્ધ ભાઇઓ અને બહેનો આવાં અતિ નીચ-હલકાં કૃત્ય કરનારાઓનો પણ સંગ કર્યા કરે છે. પવિત્ર શાસ્ત્રો તો ફરમાવે છે કે "**કાળા નાગનો સંગ કરવો સારો, પણ કુગુરૂનો સંગ કરવો સારો નહિ.**" કેમકે કાળો નાગ કરડે તો કદાચ એકવાર મૃત્યુ થાય, પણ આવા કુગુરૂથી તો અનાચાર સેવી યા ભવો ભવ અનંત ભવ ભમવું પડે. માટે આત્માર્થી સજ્જનોએ તો સદા સ્વપરહિતકાંક્ષી સદ્‌ગુરૂઓનોજ સંગ કરવો. કદાપિ મરણાંત કષ્ટ આવી પડે તોપણ કુગુરૂઓનો સંગ કરવો નહિ.

શુદ્ધ દેવગુરૂ અને ધર્મની બરાબર ઓળખાણ કરી અત્યંત ભક્તિભાવે તેઓનુંજ સેવન કરવું. પવિત્ર શાસ્ત્રકારો કહે છે કે '**ધર્માર્થી જનોએ ધર્મની પરીક્ષા સુવર્ણ અથવા રત્નની પેરે કરવી.**' પરીક્ષા પૂર્વક ગ્રહણ કરેલી શ્રેષ્ઠ વસ્તુનું શ્રદ્ધા પૂર્વક સેવન કરવાથી તેનું ફળ મળી શકે છે; અને પરીક્ષા વિના બહારના આડંબર માત્રથી મોહી ગ્રહણ કરેલી ખોટી વસ્તુથી તો માત્ર ક્લેશનાજ ભાગી થવું પડે છે. પ્રિય ભાઇઓ અને બહેનો ! યાદ રાખો કે શુદ્ધ દેવગુરૂ અને ધર્મની પરીક્ષામાં ભલા ભલા ભૂલે છે. મોટા ઝવેરીઓ અને ચોકસીઓ ભૂલે છે, મોટા પુરાણીઓ, વેદવિદો અને કાજીઓ ભૂલે છે, અરે ! મોટા દેવ દાનવો અને ભૂપો પણ ભૂલેછે. માટે આખા જીવનના સારભૂત અતિઉપયોગી અને અમૂલ્ય ધર્મની પરીક્ષા કરવામાં ગફલત કરવી નહિ. તમે તુંગીયા નગરીના શ્રાવકોની વાત યાદ લાવો; અને જેમ તેમ શીઘ્ર શાસ્ત્રઉચિત આચારવિચારમાં સુદૃઢ થાઓ. તમે સર્વે સદ્‌ગુરૂની સેવામાં રસિક થઇ જેઓ છતી સદ્‌ગુરૂઆદિક શુભ સામગ્રી તજી કેવળ આપમતિએ એકલા વિચરી મોકળા મહાલે છે તેઓનો પાપી પ્રસંગ તજો. કેમકે તેવા વેષવિડંબકોને પુષ્ટિ આપતાં તમે કેવળ પાપનેજ પુષ્ટિ આપી અનર્થ વધારો છો. પૂર્વે થયેલા ઉત્તમ શ્રાવકો અને ઉત્તમ શ્રાવિકાઓનાં ચરિત્રો સંભારો. **શ્રી શ્રેણિકરાજા, અભયકુમાર મંત્રીશ્વર તથા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સુલસા** શ્રાવિકાની પેરે શુદ્ધ દેવગુરૂ અને ધર્મની પરીક્ષામાં ચતુર થાઓ; જેથી કદાપિ નહિ ઠગાતાં સ્વસ્વ ઉચિત આચારોમાં ચિરકાળ સુદૃઢ રહી અંતે શ્રી સર્વજ્ઞ આજ્ઞાને સમ્યગ્ આરાધી સહેલાઇથી સદ્‌ગતિ સાધી શકો.

સ્વસ્વ વ્રતમાં દૃઢતા કરવા **શ્રી સૂર્યયશા** પ્રમુખના ચમત્કારિક દાખલાઓનું પુનઃ પુનઃ સ્મરણ કરતા રહો; અને '**શ્રી ભરહેસર બાહુબલી**' પ્રમુખમાં વર્ણવેલા ઉત્તમ શિલાદિક અસંખ્ય ગુણશાળી પવિત્ર ભાઇઓ અને બહેનોની પેરે ચિરકાળ પર્યંત અખંડ શીલાદિક ઉત્તમ ગુણમણિરત્નોનો ભંડાર ભર્યા કરો. તમારાથી બની શકે તેટલી સીદાતા સાધર્મીઓને સહાય આપો; અને સ્વસાધર્મીઓને પુષ્કળ સહાય આપી ઉદ્ધરનારા **શ્રી સંપ્રતિરાજા, કુમારપાળભૂપાળ, વિમળશાહ, વસ્તુપાળ તેજપાળ** અને **જગડુશાહ** પ્રમુખ પૂર્વ પ્રભાવક પરમાર્હતો ( શ્રાવકો )ના ઉત્તમ સુકૃતોની અનુમોદના કરી કદાપિ પણ સ્વોત્કર્ષ ( આપ બડાઇ ) નહિ કરતાં હમેશાં આત્મલઘુતા ભાવો. હમેશાં યાદ રાખો કે પરનિંદા અને આત્મપ્રશંસા કરનાર માણસ પોતાના કરેલા સુકૃતોનું ફળ ગુમાવી દે છે, અને આત્મલઘુતા ભાવનાર સત્પુરૂષ દિનપ્રતિદિન ગુણાનુરાગી હોવાથી ગુણાધિકતા પામતોજ જાયછે. કદાચ કંઇ પણ સુકૃત કરતાં અથવા કર્યાબાદ તમને સ્વોત્કર્ષ આવે તો તેને ટાળવાનો સરસ અને સરલ રસ્તો એ છે કે પૂર્વ પુરૂષરત્નોનાં ઉત્તમ ચરિત્રો તરફ દૃષ્ટિ દેવી. અને '**જનમનરંજન ધર્મનો, મૂલ ન એક બદામ**' એ વાત વારંવાર યાદ કરવી. પવિત્ર ધર્મમાર્ગમાં અન્ય જીવોને જોડવા માટે તેમનું ચિત્ત રંજન કરવામાં તો ગુણજ છે, એમ શાસ્ત્રકારોનું કહેવું છે. ગમે તેવો ઉત્કૃષ્ટ ધર્મ કોઇ શ્રાવક પાળતો હોય અને તેથી કદાચ તેના મનમાં બીજા શ્રાવકોની અપેક્ષાએ પોતામાં અધિકતા ભાસે તોપણ ઉત્તમ મહાવ્રતોને કપટ રહિત અખંડ પાળનારા મુનિમહારાજાને દેખી તેનું માન ગળી જવાનું.

અત્ર પ્રિય ભાઇઓ અને બહેનોને આગ્રહ પૂર્વક કહેવાનું કે જેમ પોતાનું શ્રેય સધાય તથા પોતાના સાધર્મીઓના શ્રેયઃ સાધનદ્વારા પવિત્ર શાસનની ઉન્નતિ-પ્રભાવના થાય તેમ અહોનિશ યત્ન કરવો. એજ આ અતિ અમુલ્ય મનુષ્ય જન્માદિ દુર્લભ સામગ્રી પામવાનું ઉત્તમોત્તમ ફળ છે. શ્રાવક ધર્મકૃત્યોનું અહીં અતિ સંક્ષેપથી બ્યાન આપવામાં આવ્યું છે. કેમકે પ્રાયઃ જીવોનો મોટો ભાગ સંક્ષેપરૂચિ જણાય છે. વિશેષરૂચિ ભાઇઓ અને બહેનોએ સદ્‌ગુરૂઓની સમ્યગ્ ઉપાસના કરી વિશિષ્ટ શાસ્ત્રરહસ્ય મેળવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખપ કરવો. પવિત્ર શાસ્ત્રરહસ્ય મેળવી જેમ શીઘ્ર આત્મઉપકાર તથા પરોપકાર કરી જગત્ જયવંતા શ્રી જૈનશાસનની ઉન્નતિ થાય તેમ યત્નપર રહેવું. જે અપૂર્વ શાસ્ત્રરહસ્ય આપણને પ્રાપ્ત થયું હોય તે બીજા યોગ્ય જીવને સમજાવી કૃતાર્થ થવું. જેમ જગતવર્તી સર્વ જીવો પરમપવિત્ર શ્રી વીતરાગ શાસનના રાગી થાય તેમ પરોપકારદષ્ટિથી સદા પ્રવર્તવું, જેથી સાગર જેવા શાસનદ્વારા શ્રી જૈનશાસનની પ્રભાવના ઉત્કૃષ્ટ પ્રકારની થવા પામે.

ઇત્યલમ્

મુનિગુણ મકરંદાભિલાષી

કપૂરવિજયજી

---

# ધન મમત્વ-દાન.

(લખનાર મોતીચંદ ગીરધર કાપડીઆ બી. એ. એલ. એલ. બી.)

મનુષ્યને ધન પ્રાપ્તિ થાય છે તે પૂર્વપુણ્યના ઉદયથી થાય છે. જ્યારે ગયા ભવમાં સારી રીતે પૈસાનો સદુપયોગ કર્યો હોય, ત્યારેજ આ ભવમાં ધન પ્રાપ્તિ થાય છે. ધન પ્રાપ્તિ થવી એ બહુ અગત્યની વાત નથી. દુનિયાની દૃષ્ટિમાં ધનવાન બહુ મોટા લાગે છે, કારણ કે દુનિયાનો વહીવટ પૈસાથી ચાલે છે; પરંતુ આપણે તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીશું તો જણાશે કે પૈસા એવી અગત્યની વસ્તુ નથી. ત્યારે આપણે પ્રથમ જોઇએ કે મનુષ્ય પૈસા મેળવવા આટલી શા સારૂ ધમાધમ કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં એમ જણાશે કે સુખ મેળવવા માટે પ્રાણી પૈસા મેળવવા યત્ન કરે છે. ત્યારે પૈસાથી વાસ્તવિક સુખ મળે છે? તેનો વિચાર કરવાની જરૂર છે. શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમમાં મુનિસુંદરસૂરિ મહારાજ કહે છે કે—

मपत्वमात्रेण मनःप्रसादः

सुखं धनैरल्पकमल्पकालं ।

"પૈસાવડે જે મનની શાંતિ થાય છે તે માત્ર મારાપણાથી માની લીધેલી છે; વળી તે તદ્દન થોડી છે અને વળી થોડાજ વખત ચાલનારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે." પૈસાથી વાસ્તવીક આનંદ તો થતોજ નથી. સચ્ચિદાનંદસુખમાં બિરાજમાન સિદ્ધ ભગવાનની વાત બાજુ ઉપર મૂકીએ તોપણ અનુત્તર વિમાનવાસી દેવોને જ્ઞાનાનંદનું ઉત્કૃષ્ટ સુખ છે. આ બહારની વાત છે; આપણે આ દુનિઆમાં જોઇએ તોપણ જોઈ શકાશે કે જ્ઞાનાનંદમાં મગ્ન થયેલા પ્રાણીને જે અગમ્ય પરમાનંદ થાય છે તે અનિર્વચનીય છે. વળી ધનના આનંદમાં બીજાને નુકશાન જાય છે ત્યારે જ્ઞાનાનંદમાં કોઇને નુકશાન જતું નથી. આવો ઉત્કૃષ્ટ જ્ઞાનાનંદ અનુભવથીજ સમજાય તેવો છે.

બીજું ધનનો આનંદ થોડો છે અને થોડા વખત સુધી ચાલે છે. પૈસા પોતામાં તો આનંદજ નથી. પૈસાથી પ્રાપ્ત કરેલા વિષયોમાં આનંદ માનવો એ વસ્તુ સ્વરૂપનું ભાન નથી એમ બતાવે છે. **ભર્તૃહરી** કહે છે કે, "વ્યાધિના ઓસડને આ જીવ ભૂલથી સુખ માને છે. તરસથી ગળું સૂકાઇ જતું હોય ત્યારે ઠંડુ પાણી પીવે એમાં સુખ શું ? બહુ ભુખ લાગી હોય ત્યારે દૂધપાક પૂરી અને સુંદર શાકનું ભોજન કરે એમાં સુખ શું? કામાગ્નિ પ્રદિપ્ત થાય ત્યારે સ્ત્રીને આલિંગન કરે એમાં સુખ શું ? આ સર્વ વ્યાધિનાં ઓસડ છે, તેમાં સુખ છેજ નહિ, છતાં સુખનો બરાબર અનુભવ ન હોવાથી અને અનભ્યાસથી તેમાં આ જીવ સુખ માને છે." વળી તેવું માની લીધેલું સુખ પણ થોડુંજ છે. પાંચે ઇંદ્રિયોના વિષયો ભોગવતાં થોડો વખત સારૂં લાગે; પણ તેના પરિણામે મહા દુર્ગતિનો બંધ થાય છે તેથી દુઃખ સહન કરવું પડે છે. વળી અતિ ઉગ્ર પુણ્ય પાપનું તો આ ભવમાં પણ કેટલીક વાર ફળ પ્રાપ્ત થાય છે, અને તે વખત જે દુઃખ અનુભવ કરતાં આપણે પ્રાણીઓને જોઇએ છીએ તે બતાવી આપે છે કે જરા જરા સુખમાં ફસાઇ જવું નહિ.

થોડું સુખ હોય પણ તે સુખના પરિણામે દુઃખ આવે તો તે સુખજ કેમ કહેવાય? અપ્રમાણિકપણે પ્રાપ્ત કરેલ પૈસાના ભોગવટાથી જરા સુખ લાગે પણ પછી ભવાંતરે દુર્ગતિમાં જવું પડે એ કેટલું દુઃખ ? વ્યવહારમાં પણ પચાસ વર્ષ સુખ ભોગવ્યા પછી જીંદગીના છેવટના ભાગના બે ચાર વર્ષ પણ દુઃખી અવસ્થા થાય તો બધી બાજી બગડી ગઇ એમ જણાય છે. પૈસાની આવી સ્થિતિ છે એ સમજુએ તો ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

પૈસાપર મમત્વ ન રાખવાના સંબંધમાં આટલી વાત થઇ. ધનનું પરિણામ વિચારવાની આવશ્યકતા જોઇ. જગતનો વ્યવહાર ધનથી ચાલે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રસિદ્ધ વાત છે, અને તેથી સર્વ પ્રકારે ધનપરથી મમત્વ ઉઠી શકતો ન હોય તેણે મનમાં નિશ્ચય કરવો કે અપ્રમાણિકપણે કે અસત્યરીતે ધન મેળવવું નહિ. મુખ્યગતિએ 'ધનપર મોહ રાખવો નહિ' એજ સૂત્ર છે, પછી એ શુદ્ધ શિખર ઉપરથી ઉતરીએ તો પડખેની નાની નાની ટેકરીઓ પરનો વિસ્તાર હવે જોવાનો છે. પૈસા જેવી વસ્તુ માટે પ્રાણી એટલો બધો નબળો થઇ જાય છે કે તેની ખાતર ખોટું બોલે છે, પ્રપંચ કરે છે, અને સુખે સુઇ પણ શકતો નથી. આવી રીતે મનુષ્ય જીવનનો મોટો ભાગ અથવા આખો ભાગ પસાર કરી કર્મકાદવથી આત્માને ભારે કરી અધોપાત પામે છે. વળી ધન મેળવતી વખત આ જીવ અનેક સંકટો સહન કરે છે, દૂર દેશ ગમન કરે છે, નીચ સ્વભાવના માણસોની ચાકરી કરે છે, અને ગુલામગીરી પણ કરે છે મુક્તિમાર્ગ સરલ કરવા સારૂ પણ આવાજ રસ્તા છે, અને ધ્યાનમાં લીન મુનિઓ તેવીજ મુશ્કેલીઓ પસાર કરી મોક્ષમાર્ગ નજીક કરે છે; પરંતુ આ જીવનો ઇરાદો ફેર હોવાથી તેને બધું નર્કમાર્ગ સરલ કરનારૂં થાય છે. અનંતકાળથી મોહમદિરામાં ચકચૂર થયેલો આ જીવ જરા પણ આંખો ઉઘાડતો નથી, પોતાની જ્ઞાનશક્તિથી વિચાર કરતો નથી, આત્મવીર્ય ફેરવતો નથી, અને અનંત ભવસમુદ્રમાં ભટક્યા કરે છે. માટે કાંઇ પણ વિશુદ્ધ જીવન જીવવાનો ઇરાદો હોય તો અન્યાય માર્ગથી ધનપ્રાપ્તિ કરવાની તો ઇચ્છા રાખવી નહિ.

ધનપ્રાપ્તિ કરવાના સબંધમાં બીજો નિયમ એ ધ્યાનમાં રાખવાનો છે કે અમુક સંપત્તિ પ્રાપ્ત થયા પછી તે વધારવાની ઇચ્છા છોડી દેવી. સામાન્ય નિયમ એવો છે કે દરેક કાર્યમાં માણસ એક મુદ્દો (દૃષ્ટિબિંદુ - મર્યાદા) બાંધે છે, અને ત્યાં પહોંચવાની ઇચ્છા હોય છે. ધન મેળવવાની બાબતમાં આજ જે દૃષ્ટિબિંદુ હોય છે તે બે વર્ષ પછી શરૂ કરવાનું બિંદુ થાય છે. આ હકીકત જરા વધારે સ્ફુટ કરીએ. હાલ કોઇ માણસ પાસે બે હજાર રૂપિયાની પૂંજી હોય તેને દશ હજાર મળે તો બહુજ સારૂં એવી ઇચ્છા રહે છે. આ તેનું દૃષ્ટિબિંદુ થયું. અનુકૂળ પવન વાય તો બે વર્ષમાં તે લાભ મેળવી દશ હજાર રૂપિયા એકઠા કરે છે, પણ તે વખતે તેને દશ હજારથી શરૂ કરીને લાખ મેળવવાની ઇચ્છા થાય છે. આવી રીતે મર્યાદાનું બિંદુ વારંવાર બદલાયા કરે છે. ઉપાધ્યાયજી કહી ગયા છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીરે મારે નિર્ધનને શત ચાહ, શત લહે સહસે લોડીએજીરેજી.
જીરે મારે સહસ લહે લખલોભ, લખલાભે મન કોડીએજીરેજી.
જીરે મારે કોટીશ્વર નૃપઋદ્ધિ, નૃપ ચાહે ચક્રીપણું જીરેજી.
જીરે મારે ચક્રી ચાહે સુરભોગ, સુર ચાહે સુરપતિ સુખ ઘણું જીરેજી.

આવી રીતે દ્રષ્ટિબિંદુ વારંવાર બદલાય છે, તેથી આખી જીંદગીમાં આ જીવને નિરાંતે બેસવાનો સમય આવતો નથી. આપણે જોઇએ છીએ કે લાખો રૂપિયા મેળવ્યા છતાં પણ ઘણા માણસો ઉપાધિ ઓછી કરી શકતા નથી.

આ ઉપરાંત ધનપ્રાપ્તિનો સમય પણ મુકરર કરવો જોઇએ. જીંદગીના અમુક વર્ષ પછી બાકીનો ભાગ તો તદ્દન ધાર્મિક જીવનમયજ બનવો જોઇએ. તદ્દન વૃદ્ધાવસ્થામાં ધર્મનું સેવન બનતું નથી, અને દ્રવ્યપરનો મોહ ઓછો ન થાય તો પછી એંશી વર્ષની ઉમરે પણ સરવૈઆં કાઢવાં પડે છે. વળી પૈસા અને તેનાથી પ્રાપ્ત થયેલા વિષયભોગોને અમુક સમય પછી આપણે તજી દઇએ ત્યારે બહુ આનંદ આપે છે. ભર્તૃહરી કહે છે કે— **स्वयं त्यक्ता ह्येते शमसुखमनंतं विदधते.** 'જો આપણે વિષયોને તજી દીધાં હોય તો તે ભારે આનંદ આપે છે.' આ પ્રમાણે હકીકત છે. માટે સંપૂર્ણ અથવા થોડો ત્યાગ કરવા સર્વેએ તૈયાર રહેવું જોઇએ.

પૈસાથી દુર્ગતિ થાય છે એમ કેટલીક વખત કહેવામાં આવે છે. પણ જો તેનો શુભ માર્ગે વ્યય થાય તો તેથી શુભગતિ થાય છે. જેઓ સર્વ પ્રકારે ધન ત્યાગ કરી શકતા નથી તેઓએ આ બાબત પર ખાસ વિચાર કરવો જરૂરનો છે. પૈસાના ત્રણ રસ્તા છે એમ વિદ્વાનો કહી ગયા છે. **દાન** (charity) ભોગ (enjoyment) અને નાશ (destruction) પૈસાનો ભોગ ભોગવવો એમાં સ્વ અને પરનો સમાવેશ થાય છે. પોતે તદ્દન કંગાલિયતથી રહેવું એવો અત્ર ઉદ્દેશ નથી. મધ્યમસર સારી રીતે રહીને વ્યવહાર ચલાવવો અને પછી બાકીના પૈસા **દાન** દેવામાં ખરચવા. જો આ બંને પ્રકારે પૈસાનો વ્યય નહિ કરવામાં આવે, અર્થાત્ પૈસાનો સંગ્રહ કરવામાં આવશે તો પૈસા પોતાની મેળે ત્રીજો રસ્તો ( નાશ ) લઇ લેશે. લક્ષ્મીનો સ્વભાવ ચંચળ છે, અને ઘણા વખત સુધી તે એક સ્થાનકે રહેતીજ નથી; માટે તેનો વ્યય કરવો એજ ઉત્તમ માર્ગ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૈસાનો વ્યય ઉત્તમ કયો કહેવાય એ સવાલ બહુજ અગત્યનો છે, અને તેથી હવે તે પર વિચાર ચલાવીએ છીએ.

શરીરની પોષણા કરવી, ઉત્તમ પદાર્થો ખાવાં, સારાં કપડાં બુટ સ્ટોકીંગ પહેરી ફરવું, સ્કુલો બંધાવવી, બોર્ડીંગ સ્થપાવવી, સ્કોલરશીપો આપવી, હોસ્પીટલો ઉઘાડવી, એ સર્વે પૈસાનો વ્યય છે. વ્યયમાં ત્રણ પ્રકાર છે. કેટલાક માણસો જરૂરીઆતની અથવા હોદ્દાના પ્રમાણમાં યોગ્ય વસ્તુઓ વાપરે છે તેને necessity અથવા decency કહેવામાં આવે છે, અને તેવા પ્રકારના વ્યય સામે કાંઇપણ વાંધો ન લઇ શકાય; બીજો વ્યય ઉડાઉપણાનો છે. અમુક માણસનો અમુક ખર્ચ, આ બે પ્રકારમાંથી કયા પ્રકારમાં મૂકવો તે તેની પૈસા સંબંધી સ્થિતિ, હોદ્દો અને સંજોગો ઉપર આધાર રાખે છે. દરેક માણસે રીતસર રહેવાની જરૂર છે, પણ જરૂરીઆત ઉપરાંત નકામો વ્યય પૈસાનો થવા દેવો નહિ. આ બંને ઉપરાંત એક ત્રીજો પ્રકાર છે અને તે પોતાના પૈસાનો સાર્વજનિક અથવા ધાર્મિક વ્યય છે. સાર્વજનિક વ્યય એ charity ચેરીટી છે, અને એ વ્યયના અંતરભાગમાં દાનનો વિષય સમજાઇ જાય છે.

આ ત્રણ પ્રકારનો દ્રવ્યનો વ્યય છે, એ અનુભવ પરથી જણાઇ આવે તેવું છે. હવે આ વ્યયને અંગે મનુષ્યે વિચાર શું કરવો એ તેના સંસ્કાર અને કેળવણી પર આધાર રાખે છે. સાંકડા સમૂહમાં ઉછરેલો માણસ પૈસાની વૃદ્ધિ દેખી બે ચાર સારા બંગલા ખરીદે છે; તેમાં સુંદર ફર્નીચર ગોઠવી ફુવારાની ગોઠવણ કરે છે, સુંદર સ્ત્રીઓ પાસે નાચ કરાવે છે, અથવા વ્યભિચાર કરે છે કે એવું કોઇ પણ કાર્ય કરે છે કે જેમાં **પોતાપણું** બહાર આવે; જ્યારે વિશાળ હૃદયવાળો અને તેવા સમૂહમાં ઉછરેલા જીવનવાળો માણસ તે પ્રસંગે આખી કોમના, આખા ગામના, આખા દેશના અને આખી દુનિયાના વિચાર કરે છે. તેના મનમાં એમજ થયા કરે છે કે આ દુનિયા પરના સર્વ જીવો કેમ સુખી થાય? તેને માટે હું શું કરૂં? મારા પૈસા સૌથી ઉત્તમ રીતે તેઓ કેમ વાપરે? આવો માણસ ધનની અસ્થિરતા સમજે છે, તેપર વિચાર ચલાવે છે, અને પોતાની સમજણ પ્રમાણે પૈસા વાપરે છે, બાંધી મૂકતો નથી. અત્ર જે બે પ્રકારના માણસોનું ચિત્ર બતાવ્યું તે યથાસ્થિત છે. બીજા પ્રકારનો માણસ વિચારનો અમલ કેવી રીતે કરશે તે સલાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સંજોગપર આધાર રાખે છે, પણ તેના અંતઃકરણની ઉર્મિ બહુ ઉત્તમ અને પોતામાં આખા વિશ્વને સમાવનારી હોય છે. **वसुधैव कुटुंबकं** બુદ્ધિવાળા આ મનુષ્યના જીવનમાં જે ઉચ્ચતર અભિલાષા હોય છે, અને દીન દુઃખી તરફ વત્સલભાવ હોય છે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. જેનું અંતઃકરણ આર્દ્ર હોય તેને તેનો ખ્યાલ સહજ આવશે. (અપૂર્ણ)

# શ્રી વડોદરા ખાતે મળેલી ત્રીજી જૈન કોન્ફરન્સમાં કાર્તિક વદી ૬ સોમવારે ધાર્મિક કેળવણીના સંબંધમાં શા. કુંવરજી આણંદજીએ આપેલ ભાષણ.

મેહેરબાન પ્રેસીડેન્ટ સાહેબ, જૈનવર્ગના પ્રતિનિધિઓ અને માયાળુ બહેનો! કેળવણીના સંબંધમાં મારી અગાઉના વક્તાઓ ઘણું બોલી ગયા છે તેથી જો હું તે ને તે બોલું તો આપને પિષ્ટપેષણ જેવું લાગશે. મારો બોલવાનો વિષય ખાસ ધાર્મિકકેળવણીનો છે. હું એમ માનું છું કે આ કોન્ફરન્સનું, આપણા જૈન સમુદાયનું અને આપણી દરેકની જીંદગીનું મધ્યબિંદુ ધાર્મિક કેળવણીજ છે. ધાર્મિક કેળવણી શિવાયનું બીજું બધું નિરર્થક છે. વ્યવહારિક કેળવણી ગમે તેટલી લ્યો, મોટી મોટી ડીગ્રીઓ મેળવો, મોટા મોટા હોદ્દા મેળવો, મોટા વેપારી બનો, પાંચ સાત મીલો કાઢો, લાખો રૂપીઆના રળનારા થાઓ, દેશમાં નામ કાઢો, પણ જો તમે ધાર્મિક કેળવણી લીધી નથી અને આપણા સર્વોત્કૃષ્ટ જૈનધર્મનું સ્વરૂપ સમજી તેનાપર અંતઃકરણથી પ્રીતિ લગાવી નથી તો તે બધું તમારૂં નકામું છે એટલુંજ નહીં પણ તમારી તે જીંદગી પણ નકામી છે, ફોગટ ભારભૂત છે, અને દુર્ગતિમાં લઇ જનારી છે. આપણે અહીં મળ્યા છીએ તે ધાર્મિક કેળવણીનું-ધાર્મિક લાગણીનું પરિણામ છે. નહીં કે દ્રવ્યવાન્ થયાનું અથવા સાંસારિક કેળવણીમાં આગળ વધ્યાનું આ પરિણામ છે. હજુ પણ આ કોન્ફરન્સને તેઓજ આગળ વધારશે કે જેના હૃદયમાં ધાર્મિક લાગણી હશે, ધર્મ ઉપર પ્રીતિ હશે, બીજી બાબતો કરતાં ધર્મને વહાલો ગણતા હશે. આવી લા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણી, આવી પ્રીતિ કે આવી વહાલપ ધાર્મિક કેળવણીજ ઉત્પન્ન કરી શકશે; માટે પ્યારા બંધુઓ! તમે તમારાં બાળકોને બાલ્યાવસ્થાથી ધાર્મિક કેળવણી આપો, ધર્મજ્ઞ કરો, ધાર્મિક વૃત્તિવાળા કરો, જેથી આગળ ઉપર પ્રમાણિક પણ તેઓજ થશે, પાપનો ભય તેમનેજ લાગશે, દુરાચારથી તેઓજ અળગા રહેશે, ભક્ષાભક્ષ ને પેયાપેયનો વિચાર તેઓનેજ રહેશે. આપણે તેવા ધાર્મિક વૃત્તિવાળાઓનુંજ કામ છે. એવાઓનું કામ નથી કે જેઓ અહીં તો શોભાનાં પુતળાં થઇને અથવા ડાહ્યા ડમરા થઇને બેસે અને બહાર જઇને ભક્ષાભક્ષનો કે પેયાપેયનો વિચાર પણ ન કરે. હાલમાં ઇંગ્રેજી કેળવણીના પરિણામે ભક્ષાભક્ષ ને પેયાપેયનો વિચાર તદ્દન નાશ પામ્યો છે. એવી ચોખાચોળ (વિચારણા) નકામી (નિરર્થક) ગણાણી છે. ગમે તે ખાવું પીવું અને જૈનધર્મી કહેવાવું એમ ચાલવા લાગ્યું છે, પણ જૈનધર્મના કાયદા સખ્ત છે. એમાં તેવું ચાલી શકે તેમ નથી. એ કાયદા હાલ તો જો કે તમને સખ્ત લાગે તેવા છે ખરા પણ તે તમને દુર્ગતિમાં જતા અટકાવનારા છે, આગામી દુઃખને રોકનારા છે અને જગત્માં તમારી વાસ્તવીક કીર્તિને ફેલાવનારા છે.

જે કુટુંબમાં બાલ્યાવસ્થાથીજ ધાર્મિક બોધ અપાય છે તેની ખુબી ઓરજ છે. તેના દાખલા તરીકે આપણા **મી. ગુલાબચંદજી ઢઢ્ઢાનેજ** જુઓ. એ તેમની માતુશ્રીની સુશિક્ષાનું પરિણામ છે. આપણે તેવાજ નરોનું કામ છે. જન્મવું પણ તેવાઓનુંજ સાર્થક છે. બીજાઓનું જન્મવું નહિ જન્મ્યા બરાબર છે. આપણા વર્ગને હિતકર નથી તેમજ તેના આત્માને પણ હિતકર નથી. બીજી ગમે તેટલી કેળવણી લીધી હોય પણ ધાર્મિક કેળવણી શિવાય તે મનુષ્ય પશુ સમાન છે. અખંડ પ્રકાશ ધર્મજ્ઞાનરૂપ દીપકનોજ છે, બીજા દીપક અલ્પસ્થિતિવાળા છે, આ દીપક દીર્ઘ સ્થિતિવાળો–યાવત્ જીંદગી પર્યંતનો છે.

આ કોન્ફરન્સ તરફ સહજ પણ લાગણી ધરાવનારા હૃદયમાં તેવા દિપકનો સદ્ભાવ સમજવો અને જેઓ આ કોન્ફરન્સ તરફ અભાવ–અપ્રીતિ બતાવનારા છે તેઓના દિલમાં ધર્મબુદ્ધિનોજ અભાવ સમજવો. કારણ કે આ કોઇ ખાનગી મંડળ નથી, સ્વાર્થી મંડળ નથી, પક્ષપાતી મંડળ નથી; માત્ર જૈનધર્મની ધ્વજા ફરકાવનાર, જૈનધર્મની ઉન્નત સ્થિતિનું સર્વને ભાન કરાવનાર, જૈનશાસનનો ઉદ્યોત કરનાર મંડળ છે. આવા મંડળ મેળવવા પાછળ કરેલો પ્રયાસ અને ખર્ચેલા પૈસા પૂરેપૂરા સાર્થકજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી સર્વોત્તમ ધાર્મિક કેળવણી બાલ્યવયથી મળેલી હોય તો તેનું પરિણામ આત્મશ્રેયમાં આવે છે તે હું એક નાના સરખા દૃષ્ટાંતથી સિદ્ધ કરી આપીશ.

ઋતુધ્વજ રાજાની મદાલસાનામે રાણી હતી. તેને અનુક્રમે આઠ પુત્ર થયા હતા. તે દરેક પુત્ર જ્યારે બાલ્યાવસ્થામાં પારણામાં સુતા સુતા રોતા હતા ત્યારે મદાલસા તેને હિંચકાવતી હિંચકાવતી કહેતી હતી કે **मृत्योर्बिभेषि किं बाल !** ( હે બાળક ! શું તું મૃત્યુથી બ્હીને રૂવે છે? કે હું જન્મ્યો માટે હવે મારે મરવું પડશે ! ) પણ જો તે કારણથી તું રોતો હોય તો તેમાં તારી ભુલ થાય છે કેમકે- **स च भीतं न मुंचति** (તે બ્હીવે તેને મુકી દેતો નથી ) અર્થાત્ મૃત્યુથી બીવે તેને પણ મરવું તો પડેજ છે. પરંતુ એક રસ્તો છે, તે એછે કે- **अजातं नैव गृह्णाति** ( જે જન્મો નહીં તેને મૃત્યુ ગ્રહણ કરી શકતું નથી) માટે હે પુત્ર ! **कुरु यत्नं अजन्मनि** ( જન્મ ન લેવો પડે તેવો પ્રયત્ન કર ) અર્થાત્ એવું ધર્મસાધન કર કે જેથી ફરીને જન્મવુંજ પડે નહીં અર્થાત્ આ ભવમાંજ મોક્ષ પ્રાપ્ત થઇ જાય. એવો પ્રયત્ન એજ છે કે જ્ઞાન દર્શન ચારિત્રનું સમ્યક્ પ્રકારે આરાધન કરવું. તેથીજ પ્રાણી મોક્ષ મેળવી શકે છે. બાળકને પણ સંજ્ઞા પૂરેપૂરી હોય છે. પોતાની માતાના વારંવાર બોલેલા આ વચનો ઉપર ઉહાપોહ કરતાં તેનાં દરેક બાળકને પોતાની બાલ્યાવસ્થામાં પારણામાંજ જાતિસ્મરણ જ્ઞાન થયું, વૈરાગ્ય ઉત્પન્ન થયો અને ઉમર લાયક થયે દરેક ચારિત્ર લઇ લઇને સદ્ગતિના ભાજન થયા.

આ નાના સરખા દૃષ્ટાંત ઉપરથી આપણે બહુ ધડો લેવાનો છે. આવી માતાઓ પણ કયાં છે ? ક્યાંથી હોય ? એની કાંઇ જુદી ખાણો નથી. એ બધું સ્ત્રી કેળવણીનું પરિણામ છે. સ્ત્રી વર્ગને વિશેષ આવશ્યકતા ધાર્મિક કેળવણીનીજ છે. એવી કેળવણી લીધેલી માતાજ પોતાના બાળકને આવો ઉપદેશ આપી શકે.

વખત બહુ થોડો મળેલો હોવાથી હું વધારે કહેવા અશક્ત છું પણ ટુંકામાં એટલુંજ જણાવું છું કે તમે તમારૂં મધ્યબિંદુ જાળવજો. આ કોન્ફરન્સ તમને મોટા વેપારી થવા, મોટા અમલદાર થવા કે મોટા ધનાઢ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવા ઇચ્છતી નથી પણ તમને મોટા ધાર્મિક થવા ઇચ્છે છે. બીજાં તો બધાં ધર્મરૂપ કલ્પવૃક્ષના ડાળાં પાંખડાં છે. ધર્મી પુરૂષને એતો બધું સ્વયમેવ ઇચ્છાવિના પ્રાપ્ત થાય છે માટે મારી છેવટની પ્રાર્થના છે કે એકાંત અદ્વીતીય સારભુત ધાર્મિક કેળવણી જાણીને બાઇઓ ને ભાઇઓ તમે ધાર્મિક કેળવણી લ્યો અને તમારાં બાળકોને ધર્મજ્ઞ કરો, ધાર્મિક કેળવણી આપો કે જેથી તમારૂં ઐહિક ને આમુષ્મિક બંને પ્રકારનું હિત થાય.

તથાસ્તુ.

---

## બાબુ સાહેબ રાય બુધસિંહજી બહાદુરનું ભાવનગરમાં પધારવું.

(તત્સંબંધી વૃત્તાંત.)

શ્રી વડોદરામાં મળેલી ત્રીજી કોન્ફરન્સમાં પ્રમુખ તરિકે બીરાજી જૈન સમુદાયને લાભ આપી તેમજ અમુલ્ય લાભ મેળવી બાબુ સાહેબ **શ્રી સિદ્ધાચળજી** યાત્રા નિમિત્તે પધાર્યા હતા. ત્યાં તીર્થયાત્રાનો, તેમજ મુનિ દર્શન અને મુનિ દેશનાનો લાભ લઇ **શ્રી તાળધ્વજગિરિની** યાત્રા કરવા પધાર્યા હતા. ત્યાં યાત્રા કરી જૈન પાઠશાળા સ્થાપી પાછા પાળીતાણે આવીને ત્યાંથી ભાવનગર માગશર વદિ ૮ મે પધાર્યા હતા. દરબારશ્રી તરફથી ઉતારા વિગેરેનો બહુ સારો બંદોબસ્ત થયો હતો. શ્રાવક સમુદાયના આગેવાન ગૃહસ્થો તેમજ રાજ્યકાર્ય ખાતાના અધિકારી સ્ટેશનપર લેવા ગયા હતા. બીજે દિવસે મેહેરબાન દિવાન સાહેબ અને નામદાર મહારાજા સાહેબની મુલાકાતનો લાભ લીધો હતો.

વદિ ૧૧ શે **પન્યાસ શ્રી ગંભિરવિજયજી** મહારાજના વ્યાખ્યાનમાં પધાર્યા હતા, અને વ્યાખ્યાન સાંભળી બહુ હર્ષિત થયા હતા. બપોરે મોટા દેરાસરે તેઓ સાહેબ તરફથી શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી, અને આંગી રોશની વિગેરેથી સારી રીતે જિનભક્તિ કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વદ ૧૦ મે રાત્રે **શ્રી જૈનધર્મ પ્રસારક સભાની** મીટીંગ મેળવવામાં આવી હતી. બાબુ સાહેબને પ્રમુખ સ્થાન આપવામાં આવ્યું હતું, અને સભાના મૂળ પ્રમુખ **કુંવરજી આણંદજીએ** સભાનો ઇતિહાસ તેમજ સભા તરફથી થયેલ અને થતાં (ચાલુ) શુભ કાર્યોનું વર્ણન ટુંકામાં કરી બતાવ્યું હતું. તે સાંભળી બાબુ સાહેબ બહુ પ્રસન્ન થયા હતા. ત્યારબાદ બાબુ સાહેબને સભાનું પેટ્રનપણું સ્વીકારવા સભા તરફથી અરજ કરવામાં આવી હતી. તે બાબુ સાહેબે કેટલાક વિશેષ ખુલાસા મેળવ્યા બાદ સ્વીકારી હતી; અને સભાને રૂ. ૫૦૦) બક્ષીસ તરીકે આપવા પોતાની ખુશી પો જણાવ્યો હતો. સભાએ ઘણા આભાર સાથે તેનો સ્વીકાર કર્યો હતો.

વદ ૧૧ શે શ્રી સંઘ તરફથી જાહેર ખબર બહાર પાડીને બાબુ સાહેબના પ્રમુખપણા નીચે જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો. લોઢીપોળના ઉપાશ્રયનું વિશાળ મકાન છતાં માણસો સમાતું નહોતું. સભાની અંદર ખાસ જૈન કોન્ફરન્સ સંબંધી વિષયજ હાથ ધરવામાં આવ્યો હતો. શા. કુંવરજી આણંદજીએ **"વડોદરે કોન્ફરન્સમાં શું થયું છે અને તે સંબંધમાં આપણે શું કરવું જોઇએ."** તે વિષયપર બહુ વિસ્તારથી ભાષણ આપ્યું હતું. બીજાપણ બે ચાર ગૃહસ્થો તે સંબંધમાં બોલ્યા હતા. જૈનવર્ગનો અપૂર્વ ઉત્સાહ જોઇ બાબુ સાહેબ બહુ ખુશી થયા હતા.

પન્યાસજી ગંભીરવિજયજીના શિષ્ય વર્ગને ભણાવવા માટે હાલમાં બનારસથી ખાસ એક વૈયાકરણી શાસ્ત્રીને બોલાવવામાં આવેલા છે. તેનો માસિક પગાર રૂ. ૪૦) છે. આ બાબત બાબુ સાહેબને નિવેદન કરતાં ત્રણ વર્ષ પર્યંત તે શાસ્ત્રીનો અરધો પગાર પોતાની તરફથી આપવા તેઓ સાહેબે વિચાર જણાવ્યો હતો; જેથી પન્યાસજીનું દિલપણ પ્રસન્ન થયું હતું.

વદ ૧૨ શે સવારે **જૈનકન્યાશાળામાં** અભ્યાસ કરતી સુમારે ૨૨૫ કન્યાઓને ઇનામ આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો. સમુદાય સારો મળ્યો હતો. બાબુ સાહેબ તરફથી સુમારે રૂ. ૧૦૦) ઉપરાંતની કિંમતનાં વસ્ત્રો ઇનામ તરીકે આપવામાં આવ્યા હતાં. કન્યાઓના અભ્યાસને એથી બહુ ઉત્તેજન મળ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાબુ સાહેબ દાદા સાહેબની વાડી માંહેના મહાન્ જૈન મંદિરના દર્શને ગયા ત્યારે ત્યાં નવું બનાવવામાં આવેલું **જૈનબોર્ડીંગનું** મકાન પણ તેઓ સાહેબને બતાવવામાં આવ્યું હતું. તે સંબંધી તેઓ સાહેબે વધારે હકીકત પુછી હતી, એટલે બધી હકીકત સમજાવવામાં આવી હતી. છેવટે કહેવામાં આવ્યું હતું કે—આમાં અભ્યાસ કરવા આવનારા ઉંચી કેળવણી લેનારા વિદ્યાર્થીઓને ખોરાકી શીવાય બીજી બધા પ્રકારની મદદ આપવામાં આવશે. તેનો વાર્ષિક ખર્ચ સુમારે રૂ. ૩૦૦) લગભગ થશે. તેટલા ઉપરથી બાબુ સાહેબે તે ચાલુ ખર્ચમાં ત્રણ વર્ષ પર્યંત અરધો ખર્ચ આપવા પોતાનો વિચાર બતાવ્યો હતો.

આ પ્રમાણે અનેક કાર્યોમાં પોતાની ઉદારતા બતાવી, જિનદર્શન, મુનિરાજની દેશના, જિનરાજ ભક્તિ, જ્ઞાન કાર્યમાં ઉત્તેજન વિગેરેનો અપૂર્વ લાભ મેળવી બાબુ સાહેબ વદ ૧૨ ની સાંજના શ્રી મલ્લીનાથજીની યાત્રા કરવા પધાર્યા છે. તેઓ સાહેબ ત્રણ દિવસ ભાવનગરમાં રહ્યા, પરંતુ તેટલો વખત આખા સંઘમાં આનંદ મહોત્સવ વર્તાયો છે. બાબુ સાહેબનો શ્રી સંઘે યથોચિત સત્કાર કર્યો છે, જેથી તેઓ સાહેબ પણ બહુજ પ્રસન્ન થયા છે; ઉત્તમ પુરૂષો જ્યાં જાય છે ત્યાં સ્વપરને લાભના કારણભૂત થાય છે એ સિદ્ધ વાત છે.

બાબુ સાહેબ **તળાજે** પધાર્યા ત્યારે ત્યાં પણ જૈન પાઠશાળામાં દર વર્ષે રૂ. ૧૨૫) આપવા કહ્યા છે, આ પ્રસંગોપાત્ત ત્યાં આવેલા **શ્રી દાઠા** વાળાઓને પણ ત્યાંની જૈનશાળામાં વાર્ષિક રૂ. ૭૫) આપવા કહ્યું છે, તળાજામાં બે દિવસ રહી આંગી પૂજા સ્વામીવાત્સલ્યાદિ શુભ કાર્ય કર્યાં છે; જેથી ત્યાંનો સંઘ પણ બહુ હર્ષિત થયો છે.

બાબુ સાહેબને જ્ઞાન દાનનો બહુ શોખ છે. સાંભળવા પ્રમાણે ૫૭ જૈનશાળાઓ તેઓ સાહેબની મદદથી ચાલે છે. **જ્ઞાન દાન સમાન બીજું કોઇ દાન નથી.** એ વાક્યને તેઓ સાહેબજ ખરેખરૂં સમજ્યા હોય એમ જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्तमान समाचार.

**શ્રી ભાવનગરથી નીકળેલો સંઘ**-શ્રી ભાવનગરથી **શા. આણંદજી પરશોતમે** માગસર શુદિ ૭ મે શ્રી સિદ્ધાચળજીનો છરી પાળતો સંઘ કાઢ્યો હતો. ચાર દિવસે પાલીતાણે પહોંચ્યા હતા. ત્યાં સુધીનો તમામ ખર્ચ તેમને માથે હતો. ગાડીઓ ૭૫ અને માણસો ૫૦૦ ઉપરાંત થયું હતું. લગભગ અઢીશેં માણસો ચાલતું હતું. સાથે મુનિરાજના ઠાણા ૬ અને સાધ્વીના ઠાણા ૯ હતાં. સંઘમાં જનારાઓને સારો આનંદ થયો હતો.

**શ્રી જામનગરનો સંઘ**—શ્રી જામનગરથી શ્રી ગીરનારજી અને સિદ્ધાચળજીની યાત્રા કરવા માટે સંઘ નીકળેલો છે. [illegible] ખર્ચ છે. શ્રી ગીરનારજીમાં જુનાગઢના નવાબ સાહેબે પણ સંઘની ભક્તિ કરી છે. માણસ ૧૦૦૦ થી ૧૧૦૦ લગભગ છે. સંઘની શોભા બહુ વખણાય છે. મળેલા દ્રવ્યનો આવા ઉત્તમ કાર્યમાં વ્યય કરવો તેજ તેનું ફળ છે.

**શ્રી અમદાવાદનો સંઘ**—શ્રી અમદાવાદથી **શા. વાડીલાલ જેઠાભાઇએ** શ્રી સિદ્ધાચળજીનો સંઘ કાઢ્યો છે. સાથે માણસ હજાર લગભગ છે સાધુ સાધ્વીનો પરિવાર પણ સારો છે. પોસ શુદ ૩ જે શ્રી સિદ્ધાચળ પહોંચી જવાના છે. ચાલુ વર્ષમાં મરકીની શાંતિ રહેવાથી તેમજ યાત્રાની છુટ રહેવાથી શ્રી સિદ્ધાચળજીની યાત્રાએ પુષ્કળ યાત્રાળુઓ આવી શકયા છે. શેઠ આણંદજી કલ્યાણજીના કારખાનામાં પણ સારી આવક થઇ છે.

**શ્રી સમેતશિખરજીનો સંઘ**—શ્રી અમદાવાદથી શ્રી સમેતશિખરનો સંઘ માગશર શુદી ૧૦ મે નીકળ્યો છે. શ્રી ભાવનગરથી પણ વોરા અમરચંદ જસરાજની આગેવાની નીચે ૧૦૦ ઉપરાંત માણસો કાર્તિક વદિ ૫ મે સમેતશિખરજીની યાત્રાએ નીકળેલા છે. માર્ગમાંથી બહારગામનું માણસ ૮૦ લગભગ ભળ્યું છે જેથી બશેંને સુમારે માણસો થયેલા છે. માગશર વદ ૧૦ મે એ સંઘે શ્રી પાર્શ્વનાથજીની જન્મભૂમિ કાશીનગરીનો લાભ લીધો છે. જન્માતિથિએજ ત્યાં પહોંચવાથી બહુ આનંદ થયો છે. ત્યાંથી નીકળીને એ સંઘ પોસ શુદિ ૧ લગભગ સમેતશિખરજી પહોંચી જવા સંભવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહકાર્યની જંજાળમાંથી છુટી દરવર્ષે અમુક દિવસો તો તીર્થયાત્રામાં શ્રાવકભાઇઓએ ગાળવાજ જોઇએ. શ્રાવકના કૃત્યોમાં તીર્થયાત્રાએ આવશ્યક કૃત્ય ગણેલું છે અને વાર્ષિક કૃત્યોમાં જે ત્રણ પ્રકારની યાત્રાઓ કરવાનું બતાવેલું છે તેમાં પણ તીર્થયાત્રા મુખ્ય બતાવેલી છે.

**શ્રી બનારસ જૈન પાઠશાળા**--શ્રી બનારસ જઇને ત્યાંની પાઠશાળાની મુલાકાત લેનારા જૈનવર્ગના આગેવાન ગૃહસ્થો તેના સંબંધમાં બહુ સારો અભિપ્રાય બતાવે છે એ સંતોષ પામવા યોગ્ય છે. શ્રી અમદાવાદ નિવાસી **શેઠ મનસુખભાઇ ભગુભાઇએ** નજરે જોઇને બહુ સારો અભિપ્રાય લખી આપ્યો છે. હાલમાં ગયેલા શ્રી ભાવનગરના સંઘના આગેવાનો પણ પત્રદ્વારા બહુ શ્રેષ્ઠ અભિપ્રાય જણાવે છે. **મુનિરાજ શ્રી ધર્મવિજયજીના** સતત પ્રયાસથી ત્યાંનું કામ બહુ સારી સ્થિતિમાં આવ્યું છે. હાલમાં ત્યાં ૭ મુનિરાજ અને ૨૨ બાળક વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. દરેક જૈનબંધુઓએ આ ખાતાને યથાશક્તિ મદદ આપવી ઘટે છે.

---

# સાર્વજનિક ઉન્નતિની સર્વોત્તમ કુંચી.

## ( લખનાર શા. રાયચંદ કસળચંદ )

પ્રિયતમ બંધુઓ અને ભગિનીઓ; આપણી સર્વદેશી ઉન્નતિનો સરળ માર્ગ દર્શાવ્યા પહેલાં હું આપ સમક્ષ નિવેદન કરૂંછું કે આ સૃષ્ટિ લીલાનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તે વિષે કોઇપણ કાળે વિચાર કરવા આપને સુઝયું હશે નહિ. હું તે વિષે અત્ર જે ચિતાર ખડો કરીશ. અથવા મારા અંતઃકરણના ઉદ્દગાર કાઢીશ તે વિષે આપ ફુરસદે મનન કરજો; અને જો તે આપના કર્ણ પુટને ઉઘાડવા શક્તિમાન થાય, તો પરસ્પર મહેનત સફળ નહિતો વૃથા સમજી આપના કઠિન કર્મપર દોષ મૂકજો; પરંતુ જે સાચું હોય તે દુનિયાના એક પ્રાણીની ફરજ તરીકે પ્રગટ કરવું જોઇએ. કહ્યું છે કે—

**प्रियं वा यदि वा द्वेष्य, शुभं व यदि वाशुभम् ।**
**अपृष्टोऽपि हित वक्ष्येत्, यस्य नेच्छेत् पराभवम् ॥**

**અ** ।—" જે માણસ બીજાનો પરાભવ ઇચ્છતો ન હોય તેણે તેને પ્રિય લાગે અથવા અપ્રિય લાગે સારૂં લાગે વા નરસું લાગે તોપણ હિતકારી વાકય તેના પુછ્યા વગર પણ કહેવું જોઇએ. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સૃષ્ટિલીલાની સંકલના અતિગહન, ગુહ્ય તથા અગોચર છે તો છતાં આપને જણાવવા રજા લઉંછું કે, કુદરતે એવી એક અજબ કુંચી આપણને બક્ષેલી છે કે જેનાથી આ સૃષ્ટિ રચનાની માહિતી મેળવી તેના ગહન ભંડારમાં પ્રવેશ થઇ શકે છે. પણ તેની માહિતી મેળવ્યા સિવાય કોઇ પણ વખત તત્વ જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી. આપણે અનેક વખત વાંચ્યું અથવા સાંભળ્યું પણ છે કે "શ્રાવક તે જે લહે નવતત્વ" જે નવ તત્વ જાણે તેને શ્રાવક કહીએ અલબત આ કહેલું ખરૂં છે, કારણ કે તત્વનું જ્ઞાન નહિં ધરાવનારામાં વિવેક બુદ્ધિ હોતી નથી, અને તેથી તેઓમાં તથા પશુમાં કાંઇ પણ તફાવત હોય તેમ જણાતું નથી. કહ્યું છે કે—

आहार निद्रा भय मैथुनं च,
सामान्य मेतत् पशुभिर्नराणाम् ।
एको विवेको ह्यधिको मनुष्ये,
विवेक हीनाः पशुभिः समानाः ॥

અર્થઃ—આહાર, નિદ્રા, ભય, તથા મૈથુન, એ ચારે બાબતો પશુ તથા મનુષ્યમાં સમાન છે; પણ એક વિવેકજ મનુષ્યમાં અધિક છે માટે જે વિવેકથી હીન હોય તે પશુ સમાન જાણવા અલબત, 'આપણામાંનાં' કેટલાક નવ તત્વનો અભ્યાસ કરીએ તો થઇ શકે તેમ છે, વળી કેટલાક કરેલ પણ હોય છે પરંતુ તે છતા વિવેક (સદ સદ્ વિચાર)ની ખામી આપણામાં ઘણીજ માલૂમ પડેછે; આપણે તત્વજ્ઞાન જાણીએ છીએ પરંતુ તે આપણું જ્ઞાન સઘળું પુસ્તકમાંજ રહેછે, ક્રિયામાં આવતું નથી. તેને માટે કહ્યું છે કેઃ—

शास्त्राण्य धीत्यापि भवन्ति मूर्खा
यस्तु क्रियावान्पुरुषः स विद्वान् ।
सुचिंतित चौषध मातु राणां
न नाम मात्रेण करोत्य रोगम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્ર ભણ્યા છતાં પણ જે ઉદ્યોગ રહીત હોય તે મૂર્ખ, અને જે ઉદ્યોગી હોય તે વિદ્વાન કહેવાય છે, કેમકે સારી રીતે ચિંતન કરેલું ઔષધ નામ માત્રે કરી રોગીઓને આરોગ્ય કરતું નથી પણ તેને ખાવામાં (અનુભવવામાં) આવે તોજ આરામ કરે છે. ”

આપણા પરમપૂજ્ય તીર્થંકર ગણધરોએ પણ કહ્યું છે કે **ज्ञान क्रियाभ्यां मोक्षः** તથા પ્રથમ જ્ઞાન પછી **દર્શન** ( શ્રદ્ધા ) અને ત્યારબાદ ચારિત્ર આવે છે માટે આપણે ગમે તે પ્રકારનું જ્ઞાન મેળવીએ પરંતુ જો તે (ચારિત્રમાં) અમલમાં ન આવી શકે તો તે ગોખણીયું જ્ઞાન માત્ર વેઠ સમાન છે અને આમ થવાનું કારણ એજ હોય છે કે તે જ્ઞાન આપણા આત્માથી શ્રદ્ધા (દર્શન) પૂર્વક ગ્રહણ કરવામાં આવ્યું હોતું નથી. અને તેથી કરીનેજ **'શ્રી આનંદઘનજી'** મહારાજ કહે છે કે **'શુદ્ધ શ્રદ્ધાનવિણુ સર્વે કિરિયા કરી, છારપર લીંપણું સરસ જાણો'** વળી નરસિંહ મહેતાએ કહેલું છે 'જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહિ ત્યાં લગી સાધના સર્વે જૂઠી. માટે દેખા દેખીથી જે ક્રિયા કરવામાં આવે છે તે ગાડરીયા પ્રવાહની જેવી તથા જડત્વનો ગુણ ધરાવનારી હોવાથી ત્યાજ્ય છે; આત્મિક ગુણ ધરાવનારી ક્રિયા તો શ્રદ્ધા પૂર્વકનીજ છે માટે પ્રથમ તો વિવેકપૂર્વક સારાસારનો વિચાર કરી શ્રદ્ધાને દૃઢ કરવી એટલે સમકિત ગુણ પ્રાપ્ત કરવો, અને તે ગુણ પ્રાપ્ત થયો તો પછી આ ભવાર્ણવ ઉતરવો કાંઇ દોહિલો નથી:—

**अंतो मुहुत्त मितंपि फासिअ हुज्ज जेहि सम्मत्तं ।**
**तेसि अवड्ढ पुग्गल, परिअट्टो चेव संसारो ॥**

“ જેને અંતર્મુહુર્ત માત્ર પણ શુદ્ધ સમકિત ફરસ્યું હોય એટલે સત્ય દેવગુરૂ ધર્મ વિષે દૃઢ આસ્થા થઇ હોય તો જે અનંતા પુદ્ગળ પરાવર્તનથી સંસારાર્ણવમાં ગળકા ખાતો હોય છે તેને પછી તે સમુદ્રનો પાર પામવા માત્ર અર્ધો પુદ્ગળ પરાવર્તનજ બાકી રહે છે—

દૃઢ આસ્થા થવી તે ઘણીજ મુશ્કેલ છે તે આસ્થા ગાડરીયા પ્રવાહની પદ્ધતિ પકડવાથી થતી નથી પરંતુ ખાસ તે બાબત સત્યાસત્યના નિર્ણય પૂર્વક ધ્યાનમાં રાખવાથી થઇ શકેછે. તેથી આપણા વિચારોને હમેશાં નિર્મળ

For Private And Personal Use Only

બનાવતા રહેવું, કારણ કે આશય શુદ્ધ હોવાથી કર્તવ્ય પણ શુદ્ધ થાય છે કહ્યું છે—Thought is the father of action—વિચાર તે કાર્યનો પિતા છે વિચારો શુદ્ધ કરવાનું કામ આપણુંજ છે અને તે ઉદ્યમથી સુસાધ્યછે. કહ્યું છે—

> उद्यमेन हि सिध्यंति, कार्याणि न मनोरथैः ।
> कातरा इति जल्पंति यद्भाव्यं तद्भविष्यति ॥

" ઉદ્યોગે કરીનેજ ગમે તે કાર્ય સિદ્ધ થાય છે, માત્ર મનોરથે કરીને થતા નથી; તેમ છતાં ( કાતર ) બીકણ પુરૂષોજ ' જેમ નસીબમાં લખ્યું હશે અથવા ભાવી હશે તેમ બનશે ' એવું કહે છે " હવે આપણે આપણા નિજ સ્વભાવને માટે શું પ્રયત્ન કરવો અને તેને માટે કઇ કુંચી આપણી પાસે છે? તે પ્રશ્ન સ્વાભાવિક ઉઠે છે, બેશક, તે કુંચી આપણી પાસેજ છે, આ દરેકના શરીરમાં છે, આપણા દિમાગ ( મસ્તક )માં પડી રહેલી હોવા તે કટાઇ ગઇ છે, અને નિરંતર એકજ જગ્યા ઉપર પડી રહેવાથી પોતાનું સુજાણપણું વિસારી ગઇ છે તેને સાફજ કરવાને આપણું આત્મા હજુ શક્તિમાન નથી. તે વિચાર વગરનાપણ ( બેદરકારપણ )માંજ પડી રહી પોતાનો કાળ વ્યતીત કરતા જણાય છે. આપણી ઇંદ્રિયો તથા જડ પ્રકૃતિએ આ આત્માને એવો પરસ્ત કરી લીધો છે કે તે કોઇ વખત આ મહાન અલૌકિક ચમત્કારવાળી કુંચીની સલાહ લેતા જણાતો નથી. જો તે તેની સલાહ લઇ આ દુનિયારૂપી તાળાને ઉઘાડવા પ્રયત્ન કરે તો તરત તેને આ સૃષ્ટિ સ્વરૂપ સહજ સમજાઇ જાય તેમ છે પરંતુ તે કુંચી અનંતકાળથી કટાઇ રહેલી તેમજ અયોગ્ય સ્વભાવવાળી થઇ જવાથી આ તાળું ઉઘડતું નહોતું તથા આત્મસ્વરૂપનું જ્ઞાન મળી શકતું નહોતું; પરંતુ આ મનુષ્ય ભવમાં તો કુદરતે એવી ખુબીદાર કુંચી દરેક માણસને બક્ષી છે કે જો તે તેનો ઉપયોગ કરતા આવે તો તેને થોડાવારમાં થોડા પ્રયાસથી આ અનંત કાળથી નહિ ઉઘડેલ અતિ દુંકર તાળું સ્વતઃ ખુલ્લું થઇ જાય તેમ છે.

આપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર.

## (ભાવનગર જૈન બોર્ડીંગ સંબંધી)

સર્વે જૈનબંધુઓને ખબર આપવામાં આવે છે કે ઇગ્રેજી સાતમા ધોરણમાં અથવા કોલેજમાં અભ્યાસ કરવા ઇચ્છનારા જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની સગવડ કરી આપવા માટે શહેર ભાવનગરમાં ખાસ જૈન બોર્ડીંગનું મકાન ઘણું સુંદર બંધાવવામાં આવ્યું છે. તેની અંદર હવે વિદ્યાર્થીઓને દાખલ કરવાના તેમને ખોરાકી શિવાય નીચે પ્રમાણે સગવડ આપવામાં આવશે.

ખુરશી, ટેબલ, સુવાનો કોચ, દીવાબત્તી, રસોયો ને ચાકર.

માટે જે વિદ્યાર્થીઓને દાખલ થવા ઇચ્છા હોય તેમણે સ્વપોતાની અરજી જરૂરની વિગત સાથે નીચેને શીરનામે મોકલવી; જેથી તેનો તાકીદ બંદોબસ્ત કરવામાં આવશે. તા. ૫-૧-૦૫

શાહ કુંવરજી આણંદજી.

મહેતા મોતીચંદ ઝવેરચંદ.

ભાવનગર જૈન બોર્ડીંગ વ્યવસ્થાપક કમીટીના

ઓ. સેક્રેટરી.

## બુકોની ઘટાડેલી કિંમત.

૧ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી. ઘણા વધારા સાથે શીલાછાપમાં છાપેલ ઘણા મોટા અક્ષરવાળા. ૦—૮—૦
૨ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. શાસ્ત્રી મૂળ. ૦—૬—૦
(બંને બુકમાં જૈનશાળા કે ઇનામ માટે એકેક આનો ઓછો.)
૩ શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી (શીલાછાપની) ૦—૨—૬
૪ શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર શાસ્ત્રી. ૦—૨—૬
(આ બંને બુકના જૈનશાળા ને ઇનામ માટે બે આના.)
૫ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૨જો (સ્થંભ ૫ થી ૯) ૧—૮—૦
૬ શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર પર્વ દશમું. વિભાગ ૭ મો. (શ્રી મહાવીરજિન ચરિત્ર.) ૧—૮—૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## पोसह विधि.

અમારી તરફથી પ્રથમ છપાવવામાં આવેલી તે બીલકુલ થઇ રહેવાથી અને માગણીઓ વિશેષ આવવાથી કેટલાએક સુધારા વધારા સાથે ફરીને છપાવવામાં આવી છે. સંથારાપોરિસિ વિગેરે ઉપયોગી સૂત્રોના અર્થ પણ આપ્યા છે. પોસહ કરવાના આભિલાષીઓને સહેલ આપવાની છે તેથી ખાસ જરૂર હોય તેણે પોસ્ટેજ મોકલી મંગાવી લેવી. ફોગટ તસ્દી લેવી નહીં. તંત્રી.

## सामायक चैत्यवंदन सूत्रार्थ.

સામાયક તથા ચૈત્યવંદનમાં આવતા તમામ સૂત્રો અર્થ સહિત તથા વિધિ સાથે ખાસ શિલાછાપથી છપાવી આ બુક અમારી તરફથી તૈયાર કરવામાં આવી છે. કિંમત એક આનો રાખી છે. મનાજ તથા જૈનશાળા માટે ખરિદનાર પાસેથી પોણોઆનો લેવામાં આવશે. અક્ષર ગુજરાતી છે. તંત્રી.

## श्री त्रिषष्ठि शलाका पुरुष चरित्र. पर्व १ लुं ने २ जुं.

## શ્રી આદીશ્વર ચરિત્ર તથા અજિતનાથ ચરિત્ર.

આ બંને વિભાગ હાલમાં સુધારીને ઘણા સરસ ટાઇપથી ઉંચા કાગળો ઉપર મુંબઇ ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસમાં છપાવી બાજુએ ઉંચા બાઇન્ડીંગથી બંને ભાગ ભેળા બંધાવી તૈયાર કરવામાં આવ્યા છે. કિંમત ખાસ ઘટાડીને બંને ભાગ ભેળાની રૂ ૨-૪-૦ રાખવામાં આવી છે. આ ચોપાનીયાના ગ્રાહકો જેઓએ ચાલતા વર્ષ સુધીનું લવાજમ મોકલ્યું હશે તેને રૂ૧-૧૨-૦ ની કીંમતે આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ જુદું લાગશે. મંગાવવા ઇચ્છા હોય તેમણે પત્ર લખવો. એકંદર પ્રથમ કરતાં એક રૂપીઆનો લાભ છે તે ખોવો નહીં. પછી જેવી ઇચ્છા. નવા ગ્રાહક થઇ લવાજમ મોકલશે તેને પણ એ લાભ મળી શકશે.

માહ માસથી ચોપડીઓ મોકલવાનું શરૂ થશે. પ્રથમ કરતાં આ બુકમાં દરેક સર્ગમાં શું શું છે તે બતાવનાર ખાસ વિસ્તારાનુક્રમણિકા લખવામાં આવી છે અને બીજો પણ ખાસ સુધારો કરવામાં આવ્યો છે. શ્રી હેમચંદ્રાચાર્યજીની આ અત્યુત્તમ કૃતિને માટે કાંઇ પણ વધારે લખવાની આવશ્યકતા નથી.

For Private And Personal Use Only